॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 14,(SURAT), DATE-25/09/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૪, (સુરત), તા.૨૫/૦૯/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વ્યારા પ્રાંતના ડીવીઝનમાં સમાવિષ્ટ તાલુકાઓમાં ફટાકડાનું વેચાણ કરતાં વેપારીઓએ હંગામી ફટાકડા લાયસન્સ મેળવી લેવા

3 ખેલૈયા માટે વ્યક્તિ દીઠ એક સ્કવેયર મીટરની જગ્યા જરૂરી, ૩૦ શરતો સાથેની ગાઈડલાઈન જારી, ફાયરની ટીમ તેનાત રહેશે

4 માંડવી સુગરના થયેલા વેચાણમાં કથિત ભ્રષ્ટાચારની નિષ્પક્ષ તપાસ કરવા રજૂઆત

ઉકાઈ ડેમની જળ સપાટી ૩૪૨.૧૦ ફૂટ પર પહોચી

સોનગઢ- ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદ નોધાયો નથી જેથી ડેમમાં ધીમી ધારે પાણીની આવક રહેવા પામી હતી. સોમવારે આખા દિવસ દરમિયાન ૧૮૨૬૧ ક્યુસેક પાણીની આવક હતી જયારે ૮૦૦ ક્યુસેક જાવક રાખવામાં આવી હતી.ડેમની સપાટી સોમવારે સાંજે ૩૪૨.૧૦ ફૂટ પર પહોચી હતી જયારે ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે. જેથી હાલમાં ડેમનું જળસ્તર ભયજનક સપાટીથી ૩ ફૂટ દુર છે.

વીતેલા સપ્તાહ દરમિયાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ના રેઇનગેજ સ્ટેશનો પર નોધપાત્ર વરસાદ પડ્યો નથી જેથી એક તબક્કે ઉકાઈ ડેમમાં માત્ર ૮૦૦ ક્યુસેક પાણીની જ આવક અને જાવક નોંધાઇ હતી.ઉકાઈ ડેમમાં આ પ્રમાણે ની જ પાણીની આવક રહે તો પહેલી ઓક્ટોબરના દિવસે ડેમ તેની પૂર્ણ સપાટી ૩૪૫ ફૂટ પર પહોંચી શકશે કે કેમ એ બાબતે ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

ગત પાંચ વર્ષ થી ઉકાઈ ડેમ સતત પૂરે પૂરો એટલે કે ૩૪૫ ફૂટ સુધી ભરાઈ જાય છે અને આ વર્ષે પણ પૂરે પૂરો ભરાઈ જાય એવાં પ્રયાસ સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યાં છે.સોમવારે ડેમમાં કુલ ૧૮૨૬૧ ક્યુસેક પાણીની આવક રહી હતી જયારે કેનાલ વાટે માત્ર ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે જેથી ડેમની સપાટીમાં સામાન્ય વધારો નોંધાયો હતો.

જેને લઇ સવારે ઉકાઇ ડેમની સપાટી ૩૪૨ ફૂટ પર હતી જે સાંજે વધી ને ૩૪૨.૧૦ ફૂટ પર પહોચી ગઇ હતી. ઉકાઈ ડેમમાં કુલ ૭૪૧૪ એમસીએમ પાણીનો સંગ્રહ થઈ શકે છે એના પ્રમાણમાં સોમવારે સાંજે ૬૮૯૬ એમસીએમ એટલે કે ૯૩.૦૨ % પાણી ઉપલબ્ધ હતું.જો ઉપરવાસમાં એક સારો વરસાદ નોંધાઇ જાય તો ડેમ તેની પૂર્ણ સપાટી વટાવી દેશે એમાં કોઈ શંકા નથી.

શુગર મિલોમાં પિલાણ કાર્ય દિવાળી બાદ શરૂ કરવા ખાંડ ઉદ્યોગની સંઘની બેઠકમાં નિર્ણય

માંડવી ખાતે શરૂ થનાર ખાનગી શુગર મીલને લાયસન્સ નહી આપવા ખાંડ ઉદ્યોગ સંઘના પ્રતિનિધિ મંડળની સહકારી મંત્રીને રજૂઆત

બારડોલી-ગુજરાત રાજય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં આગામી શેરડી પિલાણ કાર્ય દિવાળી બાદ તા. ૫ નવેમ્બર પછી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મજૂર ભરતી દિવાળી પહેલા પૂર્ણ કરવામાં આવશે.

સંઘની બેઠક બાદ પ્રતિનિધિ મંડળે સહકાર મંત્રીને મળી માંડવી ખાતે શરૂ થનારી ખાનગી શુગર મીલને લાયસન્સ ન આપવા રજૂઆત કરી હતી. ગુજરાત રાજય સહકારી ખાંડ ઉદ્યોગ, સંઘના પ્રમુખ ઇશ્વરસિંહ પટેલના અધ્યક્ષપદે ઉપપ્રમુખ કેતન પટેલ સહિત તમામ શુગર ફેક્ટરીના પ્રમુખ અને પ્રતિનિધિઓની બેઠક ગાંધીનગર ખાંડ ઉદ્યોગ ભવનમાં મળી હતી. જેમાં આગામી શેરડી પિલાણ સિઝન શરૂ કરવા અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. વર્તમાન સમયે વરસાદની હજુ આગાહી ચાલી રહી હોય દિવાળીના તહેવારો બાદ જ તા.૫ નવેમ્બર પછી શેરડી પિલાણ કાર્ય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમજ

આગામી તા. ૧૫ ઓક્ટોબર પછી મજૂર ભરતી શરૂ કરવાનું નક્કી કરાયું હતુ. દિવાળી પહેલા મજૂર ભરતી કરી દેવામાં આવશે.

મીટીંગ બાદ એક પ્રતિનિધિ મંડળે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની મુલાકાત લઈ સુરત જિલ્લાના માંડવી તાલુકાના નરેન ખાતે આવેલી માંડવી શુગરને ખાનગી જુન્નર સુગર લિમિટેડ નામે પિલાણ કાર્ય શરૂ કરવા માટે શેરડીની નોધ શરૂ કરી હોવા અંગે રજૂઆત કરી હતી. આ ખાનગી શુગરને લાયસન્સ ન આપી શેરડી પિલણ કાર્ય શરૂ ન થાય તે માટે કાર્યવાહી કરવા માગ કરી હતી. સહકાર મંત્રીએ પિલાણ કાર્ય શરૂ નહી થશે તેવી ખાતરી આપી હતી. તેમ છતાં આગામી સમયમાં ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સંઘ ખાનગી જુન્નર સુગર ફેક્ટરીમાં શેરડી પિલાણ કાર્ય શરૂ ન થાય તે અંગે રાજય સરકારમાં વધુ રજૂઆત કરશે.

ખેડૂતો ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે અસહમતઃ

કામરેજ પ્રાંત મથકે ૭૬૫ કે.વી વીજ લાઈનવાળા અસરગ્રસ્ત ખેડૂતોની મીટીગ યોજાઈ

બારડોલી- કચ્છના ખાવડાથી દક્ષિણ ગુજરાતના નવસારી સુધી ૭૬૫ કે.વી વીજ ટ્રાન્સમીશન લાઇન પસાર થવા માટેનું સરકાર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવી ચૂક્યું છે. જાહેરનામાને લઈ અસરગ્રસ્ત તમામ ખેડુતોની એક માગ રહી છે કોઇપણ ભોગે તેઓ મહાકાય ટ્રાન્સમીશન લાઇન પોતાની ફળદ્રુપ જમીનમાંથી પસાર થવાના મૂડમાં નથી. ત્યારે ગત રવિવારે બારડોલી તાલુકાનાં મોતા ગામે પોલીસ અધિકારી સાથે ટ્રાન્સમીશન લાઇન અસરગ્રસ્ત ખેડૂતોની મીટીંગ યોજાઈ હતી.

જેમાં બારડોલી, પલસાણા તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ હાલ કામરેજ તાલુકાના અસરગ્રસ્ત ગામોવાળા અમુક ખેડૂતોને પોલીસ દ્વારા ટેલીફોનીક જાણ કરતા કામરેજ પ્રાંત કચેરી ખાતે મીટીંગ રાખવામાં આવી હતી. કામરેજ પ્રાંત વી.કે પીપળીયા, મામલતદાર રશ્મિન ઠાકોર, કામરેજ પી.આઇ એ.ડી ચાવડા, સુરત જિલ્લા ખેડૂત સમાજ પ્રમુખ પરિમલ પટેલ તેમજ પાવર ગ્રીડ અધિકારી એસ.આર રાવની ખાસ ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

રિમલ પટેલ દ્વારા મીટીંગમાં હાજર પાવર ગ્રીડ અધિકારીને ખેડૂતોને કેટલા વળતર ચૂકવણી માટેની વાત કરતા તેમનાં તરફથી કોઇ સંતોષકારક જવાબ મળ્યો ના હતો. કામરેજ તાલુકાના અસર ગ્રસ્ત ખેડૂતોએ એક જ સૂર વ્યક્ત કર્યો હતો કોઇપણ હિસાબે ટ્રાન્સમીશન લાઇન નાખવા માટે મંજૂર નથી. મીટીંગમાં હાજર અને માંડવી તાલુકાના વીરપોર ગામના અસરગ્રસ્ત ખેડૂત સુરેશ પટેલના ખેતરમાં પાવર ગ્રીડના અધિકારીઓ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે બળજબરી પૂર્વક શેરડીના ઊભા પાકને નષ્ટ કરી કાયદા વિરૂધ્ધની કરેલી કામગીરી અંગે જિલ્લા કલેક્ટર કચેરી મથકેની સુનવણી કરવા અગાઉ કયા કાયદા હેઠળ પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરવામાં આવી હતી.

જે અંગે હાજર પાવરગ્રીડનાં અધિકારીને સવાલ કરતાં તેઓ કોઇ પણ પ્રકારનો જવાબ આપી શક્યા ના હતા. રજૂઆતને પગલે મિટીંગમાં હાજર કામરેજ પ્રાંત અધિકારી અને પી.આઇ દ્વારા ખેડૂતોને સાનુકૂળ પ્રતિસાદ સાંપડયો હતો.

હાલના કાયદા હેઠળ લાઈન પસાર થવા નહી દઈએઃ ખેડૂતો કામરેજ પ્રાંત ઓફિસે ખેડૂતોને ફોન કરી બોલાવવામાં આવ્યા હતા. જેમાં પાવર ગ્રીડના અધિકારી પણ હાજર હતા. જેમની રજૂઆત હતી કે અમોને સર્વેનું કામ શરૂ કરવા દો. પરંતુ ભૂતકાળમાં તેમના દ્વારા અરાજકતા બળજબરીપૂર્વક પોલીસનો દૂરઉપયોગ કરીને કામ કરેલા તેના અનુસંધાને ખેડૂતોએ સ્પષ્ટ ના પાડી દીધુ હતું. જમીન સંપાદન કાયદા હેઠળની કામગીરી કરવામાં આવે તો અમો વિચાર કરીશું. પરંતુ હાલના કાયદા હેઠળ લાઈન પસાર થવા નહી દઈએ ખેડૂતોએ એવું સ્પષ્ટ એસડીએમ તેમજ પોલીસ વિભાગને જણાવી દેવામાં આવ્યું છે.

નર્તનને નમન નવ ગજના પુસ્તકનો વિમોચન સમારંભ યોજાયો

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢનાં કુલપતિશ્રી ચેતન ત્રિવેદીના અધ્યક્ષસ્થાને અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી એમ એમ ત્રિવેદી સાહેબનાં હસ્તે જગદીશ પંડ્યા અને આંતરરાષ્ટ્રીય કથક ડાંસર જિજ્ઞા દીક્ષિત સંપાદિત નર્તનને નમન નવ ગજના પુસ્તકનું વિમોચન તા. ૨૨-૯-૨૪ ને રવિવારે શિશુવિહાર ભાવનગર ખાતે યોજાઈ ગયું આ તબક્કે મુખ્ય મહેમાન તરીકે પ્રસિદ્ધ કવિશ્રી વિનોદભાઇ જોશી અને અતિથિવિશેષશ્રીઓ તરીકે કવિશ્રી હિમલભાઈ પંડ્યા સર ટી હોસ્પિટલ સિવિલ સર્જન ડો ફિરદૌસ દેખૈયા, ધીરેન્દ્રભાઇ વૈષ્ણવ અને પ્રકાશકુમાર રાવ ઉપસ્થિત રહ્યા હતા આ સમારંભમાં તારક મહેતાનાં ઉલ્ટા ચશ્મા ફેઈમ સુંદરલાલ (મયુર વાકાણી) ખાસ ઉપસ્થિત રહ્યા હતા જયારે અમદાવાદ સ્થિત પુસ્તકના સંપાદક તરીકે ઉપસ્થિત રહેલા આંતરરાષ્ટ્રીય કથક ડાંસર જિજ્ઞા દીક્ષિતે એકલનૃત્યની બેનમૂન પ્રસ્તુતિ કરી સૌને ખુશખુશાલ કરી દીધા હતા ઉપરાંત અન્ય વિવિધ સંસ્થાઓએ પણ નૃત્યની પ્રસ્તુતિ કરી હતી કલાપથ સંસ્થાનાં પ્રમુખ મનુભાઈ દીક્ષિતે અને સંચાલક કુશલ દીક્ષિતે જગદીશ પંડ્યાનું પાઘડી અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ વિવિધ વક્તિઓ અને સંસ્થાઓ દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું સુંદર સંચાલન મિતુલભાઈ રાવલે કર્યું હતું અંતમાં સૌનું આભાર દર્શન રાજેન પંડ્યાએ કર્યું હતું કાર્યક્રમને સફળ બનાવવા કલાપથ સંસ્થાન કલાકારોએ જહેમત ઉઠાવી હતી.

ક્વોરી ઉદ્યોગ બંધ કરવાની ચીમકીને તાપી જિલ્લાનું સમર્થન

વ્યારા- ગુજરાતમાં ક્વોરી ઉદ્યોગ માં મોટાભાગની લીઝના એટીઆર બ્લોક કરી દેવાના છેલ્લા કેટલા સમયથી ક્વોરીઓ બંધ હોય તાજેતરમાં ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી ની બેઠક યોજાઈ હતી અને આ બેઠકમાં જો સરકાર માંગ નહીં સ્વીકારે તો રાજયના ક્વોરી ઉદ્યોગ ચોક્કસ મુદત માટે બંધ કરવાની ચીમકી આપી હતી. જેમાં તાપી જિલ્લા ક્વોરી એસોસિયેશન પણ સમર્થન આપ્યું હતું.આ બેઠકમાં ઊઇ ના કારણે ગુજરાત માં મોટા ભાગની લીઝનાં અઝછ લોક કરવામાં આવેલ છે.તથા અન્ય નાના મોટા કારણો દર્શાવી રોયલ્ટી પેપર આપવાના બંધ કરવામાં આવેલ છે હાલ માં ઇ.સી. નાં કારણે ૬૦ ટકા ક્વોરી બંધ કરી છે. ૨૬-૧૦-૨૪ થી ૨૦ ટકા ક્વોરી બંધ કરવાની ચીમકી સરકારે આપી છે માટે ૨૦ ટકા પણ બંધ કરવાનું નક્કી કર્યું છે તથા અગાઉ તા. ૧૬-૦૫-૨૨ નાં રોજ સરકાર દ્વારા લેખિત સમાધાન કરી આપવામાં આવ્યું હતું પરંતુ તે તમામ મુદ્દાઓ આજ દિન સુધી જેમ છે.તેમ જ સ્થિતિમાં છે. આ ઉપરાંત ડ઼જ જેવી નવી સિસ્ટમ નો અમલ કરાવવા માં આવી રહ્યો છે. આ બધા પ્રશ્નો નાં નિરાકરણ માટે સરકારશ્રી માં ત્રણ મહિના અગાઉ લેખિતમાં જાણ કરવામાં આવેલ હતી. પરંતુ આજ દિન સુધી કોઈ જ પ્રકાર નું નિરાકરણ આવેલ નથી છતાં આજ રોજ મિટિંગ માં હજુ વધારે ૧૫ દિવસ એટલે કે તા. ૦૨-૧૦-૨૪ સુધી નો સમય આપી નિરાકરણ ન થાય તો અચોક્કસ મુદત માટે ક્વોરી ઉદ્યોગ બંધ કરવાની ફરજ પડશે એવો ઠરાવ કરાયો હતો.

વાલોડ તાલુકાના રામજીમંદિર હોલ બુહારી ખાતે મહિલા સંમેલન તથા પોષણ માહ કાર્યક્રમ યોજાયો

ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત નોધાવી મહિલાઓને સકારશ્રીની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા

તાપી - તાપી જિલ્લા આઇસીડીએસ વિભાગ અને તાલુકા પંચાયત વાલોડના સંયુંકત ઉપક્રમે તાજેતરમાં મહિલાઓને આરોગ્ય પોષણ શિક્ષણ,ઘરેલુ હિસા કાયદો, આંગણવાડીના લાભો વિશે તેમજ સરકારશ્રીની મહિલાલાક્ષી વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન મળી રહે તે માટે તથા તાપી જિલ્લાના રામજીમંદિર હોલ બુહારી ખાતે મહિલા સંમેલન તથા પોષણ માહ કાર્યક્રમ યોજાયો હતો.

ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત નોધાવી મહિલાઓને સરકાર ની વિવિધ યોજાનાઓથી માહિતગાર કર્યા હતા. ગ્રામ વિકાસ ટ્રસ્ટ ભરૂચનાં હિમાંસુ પંડયાનાં માર્ગદર્શનમાં આઇસીડીએસ વિભાગના ૨૫૦ લાભાર્થીને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મહિલા અને બાળ વિભાગ દ્વારા વ્હાલી દીકરીનાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બાળકો દ્વારા સ્વાગત ગીત તથા તથા આંગણવાડી કાર્યકરો દ્વારા પોષણ ગરબો રજૂ કરી સૌને આવકરી લીધા હતા. અંગણવાડીની બહેનો દ્વારા વાનગી નિદર્શન,પ્રી સ્કુલ પ્રદર્શન તથા આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મહિલા અને બાળ યુવા પ્રવૃત્તિના અધ્યક્ષ તૃપ્તિબેન ડી. પટેલ, સઁકલિત બાળ વિકાસ અધિકારીશ્રી તન્વી પટેલ, શ્રીમતી વર્ષાબેન રાઠોડ તાલુકા પંચાયત પ્રમુખશ્રી, શ્રીમતી જયોત્સનાબેન ગામીત હેળપતિ આવાસ સમિતિ જી. પ. તાપી., ભુપેન્દ્રભાઈ ગામીત જી. પ. તાપી, મનીષા બેન આર પટેલ કારોબારી અધ્યક્ષ તા. પ. વાલોડ, શિવાની બેન ચૌધરી તા. પ. ઉપપ્રમુખ , ચંદ્રેશભાઈ કોકણી માજી તા. પ. પ્રમુખ વાલોડ, ઉદયભાઈ બી દેસાઈ સહકારી રાજકીય આગેવાન, દિગેન્દ્ર ભાઈ એમ ઢોડિયા માજી જી. પ. સભ્ય તાપી, ડો. તરલિકાબેન મેડિકલ ઓફીસર બુહારી વાલોડ, પ્રિયંકાબેન ચૈધરી સરકારી વકીલ વાલોડ, મનીષાબેન ન્યુટ્રીશન આસિસ્ટન્ટ, તથા સઁકલિત બાળ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિભાગ તથા આરોગ્ય શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતાના ભાગરૂપે વિવિધ કામગીરીઓ કરવામાં આવી

નવસારીઃ ભારત સરકારશ્રીનાં તા. ૧૭ મી સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૧૯-૦૯-૨૦૨૪ નાં રોજ નવસારી જીલ્લાના ગામોમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત અઠવાડિક થીમ પબ્લિક ટ્રાન્સપોર્ટ હબ અને માર્ગની સફાઈ તેમજ સ્વચ્છતાથી સ્વાસ્થ્ય તરફની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના પનાર ગામે અને કનેરા ગામે તાલુકા વિકાસ અધિકારી ધવલભાઈ, સરપંચ, શાળાનાં શિક્ષક ગણ અને આચાર્યશ્રી તેમજ ગ્રામજનો હાજર રહી સ્વચ્છતા શપથ, રેલી વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ચીખલી તાલુકાના થાલા ગામે સરપંચશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી ચેતનભાઈ દેસાઈ ઉપસ્થિત રહી ઝાડુ વડે સફાઈ કરી લોકોને સ્વચ્છતા ટકાવી રાખવા પ્રેરિત કર્યા હતા.

ગણદેવી તાલુકાના ગંધોર, સાલેજ, મોહનપુર, કોલવા, અમલસાડ ખાતે સફાઈ અભિયાન કામગીરી હાથ ધરવામાં આવી હતી. ખેરગામ તાલુકાના નારણપોર, પેલાડી ભૈરવી, પાટી ગામે સ્વચ્છતા રેલી અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતાં અને વાંસદા તાલુકાનાં પીપલખેડ ગામે તાલુકા વિકાસ અધિકારીશ્રી રાજેન્દ્ર પરમાર, અને સરપંચશ્રી હાજર રહી સ્વચ્છતા સંવાદ અને સ્વચ્છતાલક્ષી કામગીરી કરવામાં આવી હતી. છે. આમ, જિલ્લામાં સ્વચ્છતા હી સેવાની થીમ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છાતાનાં ઉદેશ્યને સિધ્દ્ધ કરવા માટે સ્વચ્છતાના ભાગરૂપે વિવિધ કામગીરીઓ કરવામાં આવી હતી.

100% Satisfaction GUARANTEED
Atmiya Properties
Property Sale,Buy,Rent & Loan services.
TRUSTED BRAND
Home Loan,
Mortgage Loan,
Personal Loan,
Business Loan,
Vehicle Loan,
Over Draft (OD),
Cash Credit (CC),
Education Loan,
Agriculture Loan,
Project Loan,
કોઈપણ પ્રકારની લોન માટે આજે જ સંપર્ક કરો.
Mo- 9016924808
દરેક પ્રકારની પ્રોફાઇલ પર લોન કરી આપીશું.
સર્વિસ ચાર્જ કેશ મુજબ રહેશે.

વ્યારા પ્રાંતના ડીવીઝનમાં સમાવિષ્ટ તાલુકાઓમાં ફટાકડાનું વેચાણ કરતાં વેપારીઓએ હંગામી ફટાકડા લાયસન્સ મેળવી લેવા

તાપી - આગામી ૩૧ ઓક્ટોબર-૨૦૨૪ના રોજ દિવાળી હોઇ તહેવારને અનુલક્ષીને તાપી જીલ્લામાં વ્યારા પ્રાંતના ડીવીઝનમાં સમાવિષ્ટ વ્યારા, ડોલવણ, સોનગઢ તથા વાલોડ તાલુકાઓમાં ફટાકડાનું વેચાણ કરતાં વેપારીઓને હંગામી ફટાકડા લાયસન્સ મેળવી લેવાના રહશે.

હંગામી ધોરણે ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓને તાલુકા મથકોએ સંબંધિત મામલતદાર કચેરીએથી લાયસન્સ મેળવવા માટેનું નિયત ફોર્મ મેળવી, તેની સાથે આ અંગે ફાયર સેફ્ટી અંગેના સાધનોની ઉપલબ્ધતા સહિતના આધારભૂત પુરાવાઓ, દસ્તાવેજો તથા નિયંત કરેલી ફી ચલણ સાથે તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ જમા કરાવાના રહેશે. નિયત અરજી ફોર્મ સિવાય તથા ટપાલ કે અન્ય રીતે મોકલેલી અરજીઓ તથા સમયમર્યાદા બાદની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી તથા હંગામી ફટાકડા લાયસન્સ વિના ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગે ફટાકાડાનું વેચાણ કરતાં વેપારીઓને નોંધ લેવાની રહશે એમ નાયબ કલેકટર અને સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ વ્યારા-તાપીના અખબારી યાદીમાં જણાવાયું છે.

આધારભૂત પુરાવાઓ, દસ્તાવેજો તથા નિયંત કરેલી ફી ચલણ સાથે તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ જમા કરાવાના રહેશે. નિયત અરજી ફોર્મ સિવાય તથા ટપાલ કે અન્ય રીતે મોકલેલી અરજીઓ તથા સમયમર્યાદા બાદની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી

સ્વચ્છતા હી સેવા અભિયાન તાપી

સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતા ની થીમ સાથે નાનાસાતશીલા અને બીરબરાગામના નાગરિકો દ્વારા ગામના વિવિધ સ્થળોએ સામુહિક સાફ સફાઈ કરવામાં આવી

તાપી- સ્વચ્છતા હી સેવા' ઝુંબેશ અંતર્ગત સમગ્ર ગુજરાતમા સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ હેઠળ સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતા ની થીમ સાથે તાપી જિલ્લામાં સ્થાનિકો અને ગામના આગેવાનો સાથે મળી ગામની જાહેર જગ્યાઓની સફાઇ કરી રહ્યા છે. ત્યારે આજે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના રાણીઆંબા જુથ ગ્રામપંચાયતના નાનાસાતશીલા ગામ અને , બીરબરાગામના નાગરિકો દ્વાર ગામમાં આવેલ ગ્રામ પંચાયત, આંગણવાડી સહિતની વિવિધ જગ્યાઓએ સામુહિક સાફ સફાઈ કરવામાં આવી હતી.

તાપી જિલ્લામાં સૌના સહિયારા પ્રયાસો થકી જિલ્લાના વિવિધ વિસ્તારોને સ્વચ્છ રાખવાની સાથેસાથે જિલ્લાના સૌદર્યમાં વધારો અને જાહેર આરોગ્યમાં વૃદ્ધિ થઇ રહી છે.

સોનગઢના લિમ્બી ગામમાં ખેડૂત સંગઢનની બેઠક સ્વચ્છતા હી સેવાનો રંગ રંગાયો

તાપી- સ્વરછતા હી સેવા અભિયાન અનુસંધાનમાં લિમ્બી ગામમાં સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના સહયોગથી ચાલતી જીવાદોરી ફાર્મર પ્રોડ્યુસર કંપનીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા આયોજીત કરવામાં આવી હતી. આ બેઠકમાં સભાસદો સાથે ઋડ્ઘનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તેમજ સ્વચ્છતા અંગે સંવાદ કરવામાં આવેલ. દેશભરમાં ચાલી રહેલા આ અભિયાનમાં દરેક ગામ સ્વચ્છ અને સુઘડ થાય તે માટે પંચાયત વિસ્તાર તેમજ એફપીઓની ડેરી પાસે સાફ સફાઈ કરવામાં આવી હતી. સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના સહયોગથી ચાલતી જીવાદોરી ફાર્મેર પ્રોડ્યુસર કંપનીની આ પ્રથમ વાર્ષિક સાધારણ લીબી ગામમાં યોજાઈ હતી.

શ્રીમધુકર વર્માએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું તેમજ જીવાદોરી ફાર્મેર પ્રોડ્યુસર કંપનીના રજીસ્ટ્રેશન અને ખેડુતોને થતા ફાયદાઓની ચર્ચા કરી હતી તેમજ, લીડ બેક મેનેજર શ્રી રસિક જેઠવાએ બેકની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. કંપનીના સીઇઓ શ્રીરસિક ગામીતે વાર્ષિક આવક-જાવકનો અહેવાલ રજૂ કર્યો અને આગામી વર્ષમાં યોજનારી પ્રવૃત્તિઓ પર ચર્ચા કરી હતી.

કાર્યક્રમના અંતમાં ડેરી અને ગ્રામ પંચાયતમા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતાની કામગીરી કરી અને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૩૨ શેરહોલ્ડર ખેડુતભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં લીડ બેક મેનેજર શ્રી રસિક જેઠવા, સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના હેડ શ્રીમધુકર વર્મા, આરસેટીના ડિરેક્ટર શ્રી કિરણ સાતપુતે, નુઝીવેદુ સીડ્સ લિમિટેડના એરિયા મેનેજર શ્રી હર્દિક શર્મા અને સુરત જિલ્લા સહકારી સંઘના સભ્ય શ્રીવિજયભાઈ સહિત લિમ્બી ગામના સરપંચના પ્રતિનિધિશ્રી રમણભાઇ પણ હાજર રહ્યા. અંતમાં આભારવિધિ જીતેન્દ્ર પાલ દ્વારા કરવામાં આવેલ હતી.

વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અંગે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર માટે રાજય વ્યાપી ચાલી રહેલા

ઈ-કેવાયસીની મુહિમને લઈને સમગ્ર તાપી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પણ શિક્ષકો દ્વારા આ પ્રક્રિયા માટે પુરજોશમાં કામગીરી કરવામાં આવી

વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અંગે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર માટે રાજય વ્યાપી ચાલી રહેલા ઈ-કેવાયસીની મુહિમને લઈને સમગ્ર તાપી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પણ શિક્ષકો દ્વારા આ પ્રક્રિયા માટે પુરજોશમાં કામગીરી કરવામાં આવી રહી છે. રાજયના તમામ વિદ્યાર્થીઓની વિગતો, આધાર કાર્ડ અને રેશન કાર્ડના આધારે લિન્ક કરી શિષ્યવૃતિ સત્યાપીત કરવામાં આવશે. વ્યારાની તાલુકા શાળામાં આજરોજ કલેકટરશ્રી વિપિન ગર્ગએ આ પ્રક્રિયાની માહિતી મેળવવા માટે મુલાકાત લીધી હતી. કલેકટરશ્રી સાથે જિલ્લા નાયબ ચુંટણી અધિકારીશ્રી, વ્યારા તાલુકા ટીપીઓશ્રી તેમજ સહાયક માહિતી નિયામક જોડાયા હતા.

પબજી પર બનેલા મિત્રને મળવા ડોલવણની સગીરા હરિયાણા પહોચી

વાલોડ- ડોલવણ તાલુકાના એક ગામમાં રહેતી સગીરા ફોનમાં પબજી ગેમ રમતા રમતા હરિયાણાના એક કિશોર સાથે મિત્રતા કેળવી હતી. ત્યારે આ સગીર વયની દીકરી પોતાની માતાને સાથે લઈને ગેમિંગના માધ્યમથી મળેલ સગીરને લેવા માટે હરિયાણા ખાતે પહોચી હતી, અને ત્યાંથી સગીરને લઈને વાલોડ તાલુકાના ગામમાં પહોચી હતી.જોકે આ સમગ્ર મામલો વાલોડ પોલીસ મથકે પહોચ્યો હતો. ડોલવણ તાલુકાના એક ગામમાં રહેતી સગીર વયની દીકરી અને તેનો સગો સગીર ભાઈ મોબાઈલ ફોનમાં પબજી ગેમ રમતા હતા. આ બંને બાળકો ગેમના રવાડે ચડી ગયા હતા. ત્યારે આ સગીર વયની દીકરી ગેમ રમતા રમતા હરિયાણાના એક સગીર વયના સંપર્કમાં આવી હતી. જે બાદ આ સગીરા હરિયાણાના સગીર સાથે છેલ્લા સાત મહિનાથી સોશિયલ મીડિયાની મદદથી વાતચીત કરતી હતી. ત્યારબાદ દીકરીની જીદ સામે માતા હરિયાણાના સગીરને લેવા જવા માટે તૈયાર થઈ હતી. જો કે દીકરીના પિતા દ્વારા તેમને હરિયાળા જવા માટે ના કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ આ દીકરીના માતા પિતા વચ્ચે પણ લડાઈ ઝઘડો થયો હતો. જેથી માતા સગીર વયની દીકરી અને સગીર પુત્રને લઈ પોતાના પિયર વાલોડ તાલુકાના એક ગામ ખાતે જાઉં છું એમ કહી બંને સગીર બાળકોને લઈને નીકળી ગઈ હતી.

જોકે આ સગીરાની માતા આ બંને બાળકોને લઈને વાલોડ તાલુકાના ગામથી હરિયાણા ખાતે સગીર દીકરાને લેવા માટે પહોચી હતી. તે દરમિયાન ડોલવણ તાલુકાના ગામમાં રહેતા પિતા દ્વારા બંને બાળકો અને પત્નીનો સંપર્ક કરવા માટે પ્રયત્નો કર્યો હતો. જોકે પરિવાર દ્વારા કોઈ પણ સરખો જવાબ આપવામાં આવતો ન હતો. ત્યારબાદ આ બંને સગીરો અને તેની માતાનો મોબાઇલ ફોન પણ બંધ થઈ ગયો હતો. ત્યારે આ પિતાને ચિંતા થતા તેઓ વાલોડ પોલીસ મથકના શરણે પહોચ્યા હતા. વાલોડ પોલીસે પિતાની અરજીના આધારે તપાસ કરતા મોબાઈલ ફોનનું લોકેશન હરિયાણા ખાતેથી મળી આવી હતી. જે બાદ પોલીસ દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારે જાણવા મળ્યું હતું કે તેઓ હરિયાણાથી સગીરને લઈને વાલોડ આવે છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર બાબતની જાણ વાલોડ તાલુકાના ગામ ખાતે રહેતા સગીરના મામા તથા નાના - નાનીને હતી. તેમ છતાં તેમના દ્વારા સગીર દીકરીના પિતાને કોઈ નિવેદન કે કોઈ સરખી માહિતી આપવામાં આવી નહોતી.જોકે આ સમગ્ર મામલાને લઈને વાલોડ પોલીસ મથકે દીકરીના પિતા દ્વારા લેખિતમાં ફરિયાદ કરાઇ છે. સગીર બાળકીની જીદ સામે પતિ સાથે લડાઈ ઝઘડો કરી માતા પુત્રીને લઈ હરિયાણા સુધી પહોચી જઈ ત્યાંથી સગીર બાળકને લઈ આવવાની ગંભીર ઘટનામાં માતાની એવી તો કેવી મજબૂરી હતી કે સગીર પુત્ર તથા પુત્રીની જીદ સામે હરિયાણા સુધી જવું પડ્યું

Date-25/09/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.......

કોઈએ પ્રસંશા તો કરી તો ચિત્ત પ્રસન્ન થયું, કોઈએ નિંદા કરી તો ચિત્ત નારાજ થયું

તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

આપણા ચિત્તના પ્રવાહને ઉભયતોવાહિની કહેવામાં આવે છે, એટલે કે ચિત્તનો પ્રવાહ બંને બાજુ વહે છે. આમ સંકલ્પ-વિકલ્પ, સુખ-દુખ, ત્યાગ-પકડ શાંતિ-અશાંતિ, જન્મ-મૃત્યુ, રાગ-વિરાગ વગેરે ચિત્તમાં બંને દિશાઓમાં રહેતા વિચારો છે. એની સાથે જ આપણાં ભૂતકાળના અનુભવો અને ભવિષ્યની કલ્પનાઓ પર પણ આપણાં ચિત્તનો પ્રવાહ નિરંતર વહે છે. માણસને કાલે શું થશે તેની ભયંકર ચિંતા ઘેરી વળે છે, પણ અત્યારે આત્મિક સત્ય સ્વરૂપ થઈને, આત્મા સાથે તદ્રુપ થઈને આત્માના અવાજને મૌન થઈને સાંભળીને જાણીને તે પ્રમાણે અત્યારે જ અબ ઘડી વર્તમાનમાં જીવવાની તૈયારી નથી કે ટેવ પણ નથી.

પરિણામે ચિત્ત જ સુખના પદાર્થને પકડે છે, અને દુખના પદાર્થને છોડે છે આથી એવું પણ બનતું હોય છે કે સુખના પદાર્થને પકડાતાં જ દુખી થઈ જાય છે. આમ સુખના આભાસથી જ ચિત્તનું દુખની બિહામણું રૂપ છતું થાય છે, અને સામે ચાલીને દુખને ભેટવાં જતાં એ સુખનું પ્રસન્ન મુખ્ય નિહાળે છે, આમ ચિત્તની લીલા અપાર છે.

જીવનમાં કોઈએ પ્રસંશા તો કરી તો ચિત્ત પ્રસન્ન થયું, કોઈએ નિંદા કરી તો ચિત્ત નારાજ થયું. આમ વૃતિથી દોરાય ને આપણે આપણું વર્તન કર્યું. આ ચક્ર જીવનમાં તોડવું એજ આત્મ સ્મરણ, આત્મા ચિંતન, આત્મ મનન અને આત્મમાં સાથે જોડાવું એજ ચિત્ત મુક્તિનું પહેલું પગથિયું છે. આ કર્યા વિના નિત્યના આનંદ રાજયમાં આપણને પ્રવેશ મળતો જ નથી. આપણું ચિત્ત ચિત્તતો અપાર શક્યતાઓવાળું અને જીવંત છે. તેને કોઈ શાસ્ત્રના કે કથાઓના સત્સંગોના સિદ્ધાંતમાં કે વાતોમાં પુરી શકાતું જ નથી. તે માટે સહેલો અને સત્ય સ્વરૂપ માર્ગ છે. આંતરિક સત્ય સ્વરૂપ જાગૃતિપૂર્વક આત્મ સ્મરણ આત્મા સાથે જોડાણ અને આત્મ પ્રાપ્તિ.

આપણે આપણાં જીવનમાં હજાર કામો કરીએ છીએ પણ કશું પણ પ્રાપ્ત કરી શકતા જ નથી, તે આજનું વાસ્તવિક સત્ય છે. જીવનમાં માત્રને માત્ર એક જ કર્મ કરવાનું છે. તે છે પળે પળ આત્મિક સત્યસ્વરૂપ થઈને આત્મા સાથે તદ્રુપ થઈને આત્મ ચિંતન આત્મ સ્મરણ અને આત્મા જોડાણ કરતા જ રહેવાનું છે અને વર્તમાનમાં જીવવાનું છે. ભૂતકાળને ભૂલી જવાનો છે અને ભવિષ્યના ઘોડા પર સવાર થવાનું નથી. જે છે જે સત્ય સ્વરૂપ પુરુષાર્થથી મળ્યું છે તેને વર્તમાનમાં અત્યારે જ માણવાનું છે. ત્યાં જ તૃપ્તી છે, સંતોષ છે અને પોતાના જીવન સાથે તદ્રુપતા છે. એટલે કે પોતાના જ સ્વ સ્વરૂપમાં, સ્વભાવમાં સ્વધર્મમાં સ્થિરતા છે. આ માટે ઉપાય માત્રને માત્ર એક જ છે આપણે આપણાં પોતાના આત્મિક સત્ય સ્વરૂપ થઈને પળેપળ આત્મ સ્મરણ આત્મા સાથે જોડાણ આંતર સાધન દ્વારા રાખીને જીવનના તમામ કર્મો કરતાં ભાવ અને અહંકારથી મુક્ત થઈને કરતા જ રહેવું એજ જીવન બંધનને સત્ય સ્વરૂપ વિવેકથી છરીથી કાપવું છે અને મુક્તિ એટલે પૂર્ણ રૂપે સ્વતંત્રતા અને પૂર્ણતા પ્રાપ્ત કરવી. એનું નામ અનુભૂતિજન્ય સત્ય ધર્મનું અનુસરણ અને આચરણ છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર
સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

UNVEIL
THE FUTURE WITH
JAPANESE
TECHNOLOGY
JAPANESE TECHNOLOGY
No.1
IN 140+ COUNTRIES
WITH YANMAR (JAPAN)
1800 1200 76547
SOLIS
www.solis-yanmar.com

સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

આયોજકો નિયમનું પાલન નહિ કરે તો નવરાત્રિ બંધ થશે

ખેલૈયા માટે વ્યક્તિ દીઠ એક સ્કવેયર મીટરની જગ્યા જરૂરી, 30 શરતો સાથેની ગાઈડલાઈન જારી, ફાયરની ટીમ તેનાત રહેશે

સુરત- રાજકોટના ગેમ ઝોનમાં આગ લગવાની ઘટના બાદ રાજયની તમામ મહાનગરપાલિકાઓ દ્વારા ફાયર સેફ્ટી માટેના કાયદા સખ્ત કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકાએ આ વખતે નવરાત્રિના આયોજકો માટે ૩૦ શરતો સાથેની ગાઈડલાઈન બહાર પાડી છે. જેમાં કેટલીક નવી શરતો શામેલ કરવામાં આવી છે. જેમ કે, હવેથી નવરાત્રિ આયોજકોએ પંડાલમાં આવનારા ખેલૈયાઓ માટે વ્યક્તિ દીઠ એક સ્કવેયર મીટરની જગ્યા રહે તે રીતે સ્પેસ રાખવા સહિતની અન્ય કેટલીક શરતો રાખી છે. આ શરત રાખવા પાછળનું કારણ પંડાલોમાં થતી ભીડ ઓછી રહે તે છે.

નિયમ વિરુદ્ધ જશે તો ગરબા બંધ થશે: બસંત પારેખ આ મામલે ચીફ ફાયર ઓફિસર બસંત પારેખે જણાવ્યું હતું કે, નવરાત્રિ આયોજકો માટે ૩૫થી વધુ નિયમો બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમ પાલન કરવામાં આવી રહ્યા છે કે નહીં? તે માટે દરેક ગરબા ડોમ અને અયોજનમાં ફાયર વિભાગના અધિકારીઓની ટીમ તેનાત રહેશે. જો તેઓ બેદરકારી બતાવશે તો તાત્કાલિક અસરથી ગરબા બંધ કરાવી દેવામાં આવશે. થરમોકોલ સિન્થેટિક કાપડ સહિતના જે પણ જવલન્ત શીલ વસ્તુઓ છે તે વાપરવાની રહેશે નહીં.

ફાયર વિભાગની કેટલીક શરતો (૧) આયોજકોએ કોઈ પણ મંડપ કોઈ પણ પ્રકારની ભઠ્ઠી, ઇલેક્ટ્રિક સબ સ્ટેશન, ઇલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર, ઇલેક્ટ્રિક હાઇટેન્શન લાઇન કે રેલ્વે લાઇનથી દૂર કરવાના રહેશે. બે સ્ટ્રક્ચર વચ્ચે ૨ મીટરથી ઓછું અંતર હોવુ જોઈએ નહીં. (૨) આયોજકો દ્વારા કોઈ પણ સ્ટ્રક્ચરની અંદર કોઇ પણ સ્ટોલ બનાવી શકશે નહીં. તેમજ સ્ટ્રક્ચરની નજીક સ્ટેજના ભાગમાં આગ લાગી શકે તેવા પદાર્થનો સંગ્રહ કરી શકાશે નહીં. (૩) પંડાલમાં પ્રતિદિન આવનારા ખેલૈયાનો તમામ દસ્તાવેજી રેકોર્ડ પણ રાખવો પડશે. (૪) પંડાલમાં ફિક્સ પાર્ટીશન કરી શકાશે નહીં. ઈમરજન્સીમાં લોકો બહાર નીકળી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખવા પડશે. (૫) નવરાત્રિ આયોજકો દ્વારા સિટિંગ વ્યવસ્થાથી બહાર નીકળવાનો રસ્તો ૧૫ મીટરથી વધારે ન હોવુ જોઇએ.

(૬) પંડાલની કેપેસીટી મુજબ વ્યક્તિઓને પ્રવેશ આપવાનો રહેશે. વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ મીટરની જગ્યા રહે તે રીતે વ્યવસ્થા હોવી જોઇએ. (૭) સિટિંગ વ્યવસ્થામાં સીટની ૧૦ રો અને ૧૦ બેઠક પછી પેસેજ હોવો જોઇએ. જેની પહોળાઇ ઓછામાં ઓછી ૧.૫ મીટર હોવી જોઇએ. (૮) પંડાલ કે સ્ટ્રક્ચરના પડદા અને કાર્પેટને ફાયર રિટાઇન્ડ પેઇન્ટ કરાવવા તેમજ જમીન પર બિછાવવવમાં આવેલુ કાપડ પણ આગથી સુરક્ષિત રહે તે મુજબના હોવા જોઇએ. (૯) નવરાત્રિ દરમિયાન ફાયર એક્સટિંગ્વિશરના ઉપયોગ કરનાર જાણકાર પ્રશિક્ષિત વ્યકિત રાઉન્ડ ધ ક્લોક ત્યાં હાજર રહેવી જોઇએ.

દેશમાં પોષણ અભિયાન અંતર્ગત' ૭ મો રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૪ ' ની કરાડવા ગામ , સેજો - મોહણી ખાતે ઉજવણી કરવાંમાં આવી

પોષણ માસ ને મિલેટ્સ (જાડા ધાન્ય) તરીકે ઓળખવામાં આવે છે.જેમાં રાગી.જુવાર.બાજરી,સામો (મોરૈયો) કાંગ , કોદરી, રાજગરો વેગેરે નું મહત્વ આપવામાં આવ્યું છે. આ જાડા ધાન્ય નો ઉપયોગ કરીને ચોર્યાશી તાલુકાની આંગણવાડી કાર્યકર બેનો દ્વારા વાનગી નિદર્શન રાખવામાં આવેલ. જેમાં મુઠીયા, થેપલા, સુખડી, લાડુ, મિક્સ સલાડ, સક્કર પરા, મિક્સ મિલેટ નાં ઢોકળા, મોરૈયા ની ખીચડી, મીક્સ મિલેટ વડા, રાગી નો સિરો, અપ્પમ, રોટલા, ઢેબરા, વગેરે વાનગી નું નિદર્શન કરવામાં આવ્યું. પોષણ વિશે લાભાર્થી ને માહિતી આપવામાં આવી. વધુમાં આ મીલેટ્સ નો રોજિંદા જીવનમાં સમાવેશ કરવાથી થતાં ફાયદા શ્રી જાસ્મીન બેન પટેલ દ્વારા સમજાવવામાં આવ્યું. કાર્યક્રમ નાં અંતે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું.

કોસંબા નજીક કુંવરદા ગામે પાડોશી પરિવારે ઇસમને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

બારડોલી- નજીવી બાબતે પાડોશી પરિવારે જાનથી મારી નાખવાની ધમકી આપી પ્રાપ્ત માહિતી અનુસાર કોસંબા પોલીસની હદમાં કુંવરદા ગામે ટાંકી ફળીયામાં રહેતા મુકેશ રમેશભાઈ સોલંકી ઘરે હાજર હતા. જે દરમ્યાન પાડોશમાં રહેતા પરમાર પરીવારનાં વિનોદ, કેતન અને ભાનુબેન સાથે નજીવી બાબતે ઝઘડો થયો હતો. જોકે ઉપરોક્ત ઝઘડામાં પરમાર પરિવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લઇ મુકેશભાઈ સોલંકીને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ મુકેશ ભાઈ દ્વારા સમગ્ર ઘટના અંગે કોસંબા પોલીસ મથકે ફરીયાદ કરતા હાલ પોલીસે કુંવરદા ગામે ટાંકી ફળીયામાં રહેતા (૧) વિનોદ નારણભાઈ પરમાર (૨) કેતન વિનોદભાઇ પરમાર (૩) ભાનુબેન વિનોદભાઇ પરમાર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

કામે જવા નીકળેલા સરભોણના યુવકનો નહેરમાંથી મૃતદેહ મળ્યો બારડોલીના સરભોણ ગામે રહેતો અને મૂળ મહેસાણાનો ધર્મેન્દ્ર ઉર્ફે રવિ અમૃતભાઈ પટેલ (ઉંમર વર્ષ 30) ગત ૨૦ની સપ્ટેમ્બરના રોજ સવારે સાત વાગ્યે કામ પર જવા માટે ઘરેથી નીકળ્યો હતો. બે દિવસ સુધી તે ઘરે પરત ફર્યો ન હતો. જે બાદ ભુવાસણ ગામમાંથી પસાર થતી મોટી નહેરના કિનારેથી તેની સાયકલ અને કપડા તેમજ ચંપલ મળી આવ્યા હતા. આથી નહેરમાં શોધખોળ કરતા તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો. જો કે યુવકનું કયા કારણોસર નહેરમાં ડૂબ્યો તે તપાસનો વિષય છે.

તાપી જિલ્લાની શિવદૂતિ સાયન્સ સ્કુલ ખાતે તાપી જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધા -૨૦૨૪ કાર્યક્રમ યોજાયો

ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઇ

તાપી- રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, તાપી દ્વારા તાપી જિલ્લાની શિવદૂતિ સાયન્સ સ્કુલ ખાતે તાપી જિલ્લા કક્ષાનો યુવા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધા -૨૦૨૪ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ વિશેષ ઉપસ્થિતી નોંધાવી સ્પર્ધકોમાં ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રંસગે ઉપસ્થિત કલાકારોને પ્રોત્સાહન આપતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતુ કે વિવિધ સાસ્કૃતિક કલાકૃતિઓ વિસરાઇ ગઈ હતી તેને તાજી કરવાનું કામ આપણા દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યુ છે. કલામાહાકુંભ અને યુવા મહોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો થકી આપણામાં રહેલી કલાત્મક ઉર્જાને બહાર લાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યુ છે.

વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે આજે તાપી અને ડાંગ જેવા આદિવાસી વિસ્તારના દિકરા-દિકરીઓ રમત-ગમત અને વિવિધ સાસ્કૃતિક પ્રવૃતિમાં ભાગ લઈ રાજય અને રાષ્ટ્ર કક્ષાએ વિજેતા બની દેશનું ગૌરવ વધારી રહ્યા છે.ત્યારે તાપી જિલ્લાના તમામ સ્પર્ધકો આજે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રાજય અને રાષ્ટ્ર કક્ષાએ ભાગ લઇ વિજેતા બની તાપી જિલ્લા સહિત દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વાગત પ્રવચન આપતા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી અમૃતા ગામીતે કાર્યક્રમની રુપરેખા સહિત વિવિધ સ્પર્ધાઓ ભાગ લેનાર સ્પર્ધકો તેમના ગુરુઓ અને તમામ સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રંસગે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ચેતન પટેલ, મા શિવદૂતિ સાયન્સ સ્કુલના ટ્રસ્ટી શ્રી તથા આચાર્ય, નિર્ણાયકશ્રીઓ, જિલ્લા યુવા વિકાસ કચેરીના અધિકારી કર્મચારીઓ અને વિવિધ શાળાઓમાંથી પધારેલા સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

ઘરની બહાર રમવા બાબતે માતાએ ઠપકો આપતા બાળક ઘર છોડી ચાલ્યો ગયો, ભારે શોધખોળ બાદ હેમખેમ મળી આવ્યો

બારડોલી- સુરત જિલ્લામાં માતાએ મોડે સુધી ઘરની બહાર રમવા બાબતે ઠપકો આપતા બાળક ઘરેથી ચાલ્યો ગયો હતો. જે બાદ બાળકની શોધખોળ કરવામાં આવતા બાળક મળી આવ્યો ના હતો. બાળક ટ્રેનમાં બેસીને ભરૂચ અને ત્યાંથી સુરત અને સુરતથી પરત કીમ પહોંચ્યો હતો. જો કે બાળક સહી સલામત મળી આવ્યો હતો અને પોલીસે બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

સુરત જિલ્લામાં કીમ પોલીસ મથકની હદમાં એક પરિવાર રહે છે. પરિવારમાં પતિ-પત્ની અને બે દીકરા છે. પતિ સંચા મશીન ચલાવવાનું કામ કરે છે. તેઓના ૧૦ વર્ષીય દીકરાને માતાએ ઘરની બહાર મોડે સુધી રમવા ના જવા બાબતે ઠપકો આપ્યો હતો. જે વાતનું બાળકને માઠું લાગી આવ્યું હતું અને તે ઘરેથી ચાલ્યો ગયો હતો. બાળક રાત સુધી ઘરે પરત ના આવતા પરિવારે દીકરાની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ દીકરાનો ક્યાંય પતો લાગ્યો ના હતો. જે બાદ સમગ્ર બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી.

કીમ પોલીસ મથકના પીઆઈ પી. એચ. જાડેજાએ બનાવની ગંભીરતા જોઈ અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરી હતી. આ દરમ્યાન બાળક કીમ રેલ્વે સ્ટેશન પાસેથી મળી આવ્યો હતો. પોલીસે બાળકને લઈને પોલીસ મથકે પહોંચી હતી અને બાદમાં બાળકની જુવેનાઈલ અધિકારીની હાજરીમાં પૂછપરછ કરતા માતાએ બહાર રમવા જવાની ના પાડતા અને ઠપકો આપતા તેને લાગી આવ્યું હતું. તે ઘરેથી કીમ રેલ્વે સ્ટેશન પહોચ્યો હતો અને ત્યાંથી ભરૂચ રેલ્વે સ્ટેશન જતો રહ્યો હતો.

ભરૂચથી સુરત રેલ્વે સ્ટેશન અને સુરતથી પરત ટ્રેન મારફતે કીમ રેલ્વે સ્ટેશન પહોચ્યો હતો. પોલીસે ૧૦ વર્ષીય બાળકને તેનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું અને બાળક સહી સલામત મળી આવતા પરિવારે પણ હાશકારો અનુભવ્યો હતો.

કામરેજના અંત્રોલી ગામે કેનાલમાં હાથ પગ ધોવા ગયેલા બે મિત્રો પૈકી એકનો મૃતદેહ મળી આવ્યો

બારડોલી- સુરત જિલ્લામાં અંત્રોલી ગામની સીમમાંથી પસાર થતી કાકરાપારની જમણાં કાંઠાની નહેરમાં હાથ પગ ધોવા માટે ગયેલા સગીર બે મિત્રો પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. બીજી તરફ બનાવની જાણ થતા પરિવારજનો તેમજ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોચ્યો હતો અને બંને મિત્રોની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે હાલ લાપતા થયેલા બે સગીરો પૈકી એકનો મૃતદેહ કામરેજના વેલેંજા નજીક કેનાલમાંથી મળી આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ, સુરતના વેડરોડ હરીઓમ મિલ પાસે વસંતભાઈ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેઓનો ૧૭ વર્ષીય દીકરો રવી તેના કતારગામ હરીઓમ મિલ પાસે રહેતા ૧૫ વર્ષીય મિત્ર દર્શન હસમુખભાઈ વાઘ અને બીજા ૪ મિત્રો મળી તમામ મિત્રો પીપોદરા સ્થિત મોગલધામ મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. બાદમાં પરત ફરી રહ્યા હતા ત્યારે અંત્રોલી

ગામની સીમમાંથી પસાર થતી કાકરાપારની જમણાં કાંઠાની નહેરમાં રવી અને દર્શન નહેરના કિનારે હાથ પગ ધોઈ રહ્યા હતા. આ દરમિયાન પગ લપસી જતા એક બીજાને બચાવવા જતા બંને જણા નહેરના ઊંડા પાણીમાં તણાઈ ગયા હતા.

આ બનાવની જાણ તેઓના પરિવારના સભ્યોને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. દરમિયાન બનાવની જાણ ફાયર અને પોલીસ વિભાગને થતા તેઓ પણ ઘટના સ્થળે આવ્યા હતા અને શોધખોળ હાથ ધરી હતી. ત્યારે લાંબી શોધખોળ બાદ બે પૈકી ૧૭ વર્ષીય રવી નામના સગીરનો મૃતદેહ કામરેજના વેલેંજા ગામ પાસે પસાર થતી કેનાલમાંથી મળી આવ્યો હતો. હજુ ૧૫ વર્ષીય દર્શન વાઘની કોઈ ભાળ મળી નથી.

કીમ ચોકડી બ્રિજ નજીકથી કોસંબા પોલીસની હદમાં આજે વધુ એક શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

બારડોલી- કોસંબા પોલીસની હદમાં આજે કીમ ચારરસ્તા બ્રિજ નજીકથી વધુ એક અજાણ્યા ઇસમની લાશ મળી આવતા પોલીસ દોડતી થઇ ગઇ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોચી લાશનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કોસંબા પોલીસ સ્ટેશન
જી.સુરત રૂરલ.
સને-૨૦૦૪.
સ્થાપના-૧/૯/૧૯૮૨.

પ્રાપ્ત માહિતી અનુસાર, કીમ ચારરસ્તા ઓવરબ્રિજ નીચે એક અજાણી વ્યક્તિનો મૃતદેહ પડ્યો હોવાની જાણ કોસંબા પોલીસને કરવામાં આવી હતી. હરકતમાં આવેલી કોસંબા પોલીસે ઘટના સ્થળે પહોચી બ્રિજ નીચે પડેલા અજાણી વ્યક્તીનો મૃતદેહનો કબ્જો લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી કોસંબા અને કીમ પોલીસની હદમાં આવેલી ખુલ્લી ગંદી ગટરનાં પાણીમાંથી અને જાહેર રસ્તાઓ ઉપરથી અવાર નવાર લાશો મળી આવે છે. જોકે આવી લાશો મળી આવાનો સિલસિલો જારી રહ્યો હોય તેમ વધુ એક લાશ આજે પણ મળી આવી હતી.

સુરતમાં પ્લાસ્ટિકની બોટલમાં રાખેલું ડીઝલ બાળકીએ રમત-રમતમાં પીધું, ૧૨ દિવસ સારવાર બાદ જિંદગીની જંગ હારી

સુરતના વરાછામાં માતા-પિતા માટે વધુ એક લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ૨ વર્ષની બાળકીએ પોતાના ઘરે રમત-રમતમાં પ્લાસ્ટિકની બોટલમાં રાખેલું ડીઝલ પીધું હતું. આ દરમિયાના પાડોશીની નજર પડતા તેને બોટલ છીનવી તાત્કાલિક ૧૦૮ બોલાવી બાળકીને હોસ્પિટલ ખસેડી હતી. જયાં ૧૨ દિવસની સારવારના અંતે માસૂમ જિંદગીનો જંગ હારી ગઇ હતી. લાકડા સળગાવવા પ્લાસ્ટિકની બોટલમાં ડીઝલ રાખ્યું હતું મળતી માહિતી પ્રમાણે મૂળ બિહાર અને વરાછા ભવાની સર્કલ પાસે વરણી સ્ટાર નામથી નવનિર્મિત ડાયમંડ કંપનીમાં ખાલિક શેખ પરિવાર સાથે રહે છે. પરિવારમાં પત્ની, બે દીકરા અને એક દીકરી છે. નવનિર્મિત બિલ્ડિંગમાં જ ખાલિક શેખ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ખાલિકની એકની એક બે વર્ષની દીકરી ગત ૧૨ સપ્ટેમ્બરે ઘરની બહાર રમી રહી હતી. આ દરમિયાન રમતાં-રમતાં રૂમની બહાર લાકડા સળગાવવા માટે પ્લાસ્ટિકની પાણીની બોટલમાં મૂકેલું ડીઝલ તેને પીધું હતું.

બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં નોધાયેલી ઘરફોડ ચોરીનો ગુનો ઉકેલાયેલો

બારડોલી- બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં નોધાયેલી ઘરફોડ ચોરીનો વણઉકેલાયેલો ગુનો ઉકેલી ચોરીમાં ગયેલા ત્રણ ચાંદીના સિક્કા તથા રોકડા રૂપિયા ૧૦,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરી કુલ રૂપિયા ૧૬,૦૦૦ નાં મુદ્દામાલ સાથે આરોપી મહમદ ઉર્ફે મનો શેખ તથા ફૈયાઝ શેખને ઝડપી લેતી સુરત ગ્રામ્ય જીલ્લા બારડોલી પોલીસ. દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી.

સુરતમાં ૨૪ વર્ષીય ડાન્સ શિક્ષકે પ્રેમિકા સાથે બ્રેકઅપ થતા તાપી નદીમાં મોતની છલાંગ લગાવી; પોલીસે આત્મહત્યા અંગે ગુનો નોધ્યો

બારડોલી- સુરત પુણા ગામ ખાતે રહેતા ૨૪ વર્ષીય સૌરાષ્ટ્રવાસી યુવકનો પ્રેમિકા સાથે અણબનાવ થવાની નજીવી બાબતે માઠુ લાગી આવતા કામરેજનાં ખોલવડ તાપી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઇ હતી.

સુત્રો અનુસાર, મુળ સોમનાથનાં છાછટ ગામનાં અને હાલ સુરત પુણા ગામ ખાતે રહી ડાન્સ ક્લાસ ચલાવતા ૨૪ વર્ષીય ડાન્સ શિક્ષક જીગર જગદીશભાઇ પરમારનો એક યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જોકે ડાન્સ શિક્ષક જીગર પરમારનો છેલ્લા બે મહિનાથી પ્રેમિકા સાથે કોઇ બાબતે અણબનાવ થયો હતો. ત્યાર બાદ બંને વચ્ચે વાતચીત લાંબા સમયથી નહીં થતા જે મામલે ડાન્સ શિક્ષક જીગર પરમાર ડિપ્રેશનમાં રહી અને હતાશામાં આવી ગયો હતો.

પ્રેમ આંધળો હોવાની રાહ ઉપર જઇ જીગર પરમારે અત્યાંતિક પગલું ભરી કામરેજનાં ખોલવડ ખાતે આવેલી તાપી નદીનાં બ્રીજ ઉપરથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતા કામરેજ પોલીસે જરૂરી તપાસ હાથ ધરી તાપી નદીનાં પાણીમાંથી મળી આવેલી લાશનો કબ્જો લઇ પરિવારજનોને સુપ્રત કરી હતી.

માંડવી સુગરના થયેલા વેચાણમાં કથિત ભ્રષ્ટાચારની નિષ્પક્ષ તપાસ કરવા રજૂઆત

માંડવી- માંડવી તાલુકાની સુગર ફેક્ટરીને ખાનગી કંપનીને વેચાણ કરવા તથા વેચાણમાં થયેલા કથિત ભ્રષ્ટાચાર અંગે આજરોજ ભારત આદિવાસી સંવિધાન સેના દ્વારા આવેદનપત્ર આપી ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા રજૂઆતો કરી હતી.

ભારત આદિવાસી સંવિધાન સેના દ્વારા સુપ્રત કરેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે માંડવી તાલુકામાં આવેલ સુગર મીલની યુનિયન બેંક દ્વારા હરાજી કરવામાં આવતા સુગર મીલની જમીન, મશીનરી, બિલ્ડીંગ સાથે મહારાષ્ટ્રની જુન્નર સુગર લિમિટેડ દ્વારા ખરીદી લેવામાં આવતા સહકારી ક્ષેત્રમાં ખાનગી કંપનીનો પગ પેસારો થયો છે. જે ખેડૂતો માટે સમગ્ર સહકારી ક્ષેત્ર માટે એક ગંભીર પ્રશ્ન ઉભો થયેલ છે યુનિયન બેન્ક દ્વારા સુગર મીલની સંપત્તિની હરાજીમાં મોટી ગેરરિતી થયાની ચર્ચાઓ ચાલી રહી છે. કારણ કે ફેક્ટરીની શરૂઆત થવાની હતી ત્યારે એની સંપત્તિની વેલ્યુએશન કિંમત ૨૫૦ કરોડ આંકવામાં આવી હતી.

જે હાલ ૨૦૦ કરોડ માનવામાં આવે છે. તેમ છતાં હરાજી કરવામાં આવતા માત્ર ૩૬ કરોડમાં મિલની તમામ સંપત્તિ ખાનગી કંપનીને આપી દેવામાં આવેલ છે. એટલે એમાં સ્પષ્ટપણે મોટો ભ્રષ્ટાચાર થવાનું જણાય આવે છે તથા બેંકના અધિકારીઓની ભૂમિકા પણ શંકાસ્પદ જણાઈ રહેલ છે. સુગરની મિલકતમાં ૧૦૦ વિઘા જમીનનો પણ સમાવેશ થાય છે જેના હરાજીમાં માત્ર ૨૨ કરોડ છે જે સ્પષ્ટપણે દેખાય આવે છે કે આ જમીન પણ ખાનગી કંપનીને સસ્તા ભાવે આપી દેવાઇ છે.

માંડવી સુગર આદિવાસી વિસ્તારમાં આવેલી છે જેના ૫૫૦૦ સભાસદો છે જેમાં સૌથી વધુ આદિવાસી જ સભાસદો છે. આ મિલ સહકારી ધોરણે સ્થાપવામાં આવેલ હોવાથી એનો કોઈ એક માલિક નથી હોતો પણ તમામ સભાસદો એના માલિક હોય ત્યારે સભાસદો સાથે આ બાબતે કોઈ ચર્ચા કરવામાં આવી નથી કે કોઈપણ પ્રકારની જાણ પણ કરવામાં આવી નથી. બેંક દ્વારા બારોબાર હરાજી કરીને સભાસદો સાથે છેતરપિંડી કરવામાં આવી છે. જેથી સભાસદોમાં ભારે આક્રોશ વ્યાપી રહ્યો છે. માંડવી સુગર કાચી પડી ત્યારે ખેડૂતોના ૨૭ કરોડ સરકારના ૨૦ કરોડનો શેરફાળો મજૂરો અને ટ્રક માલિકોના પાંચ કરોડ બાકી હતા. જમીન પર સરકારનો બોજો હોવા છતાં જમીન વેચી દીધી છે.

LIC digit MUTUAL FUND care BAJAJ Allianz
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
BUILT ON RULES
HEALTH INSURANCE
શું તમારી હેલ્થ ઈન્સ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?
ફકત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો
➡ વ્યાજબી પ્રીમિયમ
➡ નો કલેમ બોનસ 600% સુધી
➡ [ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
➡ દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
➡ કેશલેસ ફેશીલીટી
➡ ઈન્કમ ટેક્ષ માં લાભ
➡ દરેક કંપનીની પોલીસી પોર્ટેબ્લીટી કરી આપવામાં આવશે.
➡ કન્ટીન્યુ બેનીફીટ સાથે
એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com
➡ Life Insurance
➡ Health Insurance
➡ Mutual Fund
➡ Motor Insurance
Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, (GUJARAT).